Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582-046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# પારસીઓનું ગુજરાત તથા હિંદને આર્થિક, સામાજીક ક્ષેત્રે પ્રદાન

**Mr. Nikhilesh B. Shrimali,**
PhD Scholar In History
Gujarat University, Ahmedabad
Navrangpura, Ahmedabad, Gujarat 380009
Email ID: nikhileshmali2005@gmail.com

## સારાંશ

ભારત દેશ એ અનેક એવી સંસ્કૃતિ, ધર્મ, જ્ઞાતિ, રિવાજોથી રંગાવેલો દેશ છે. આવી જ એક પ્રજા જે ભારતમાં ઈરાનથી હિજરત કરીને આવી હતી. તે પારસી નામે ઓળખાય છે. પારસીઓ એમનું નામ સૂચવે છે એ પ્રમાણે મૂળ પર્શિયાના, એટલે અત્યારના ઈરાનના. પારસી શબ્દનો અર્થ, પાર્સ અથવા ફાર્સથી ઊતરી આવેલી વ્યક્તિ. પ્રાચીન સમયમાં 'પાર્સ' નામે ઓળખાતો હતો. ગ્રીકોએ એને પાર્સિપોલીસ નામ આપ્યું હતું. આ પ્રજા ઈરાનથી હિજરત કરી ભારતમાં આવી અને સામાજીક ક્ષેત્રે ગુજરાત અને હિંદ ને વફાદાર રહી પોતાની પ્રગતિ સાથોસ - ગુજરાત અને ભારતની પ્રગતિમાં પુરા ખંત અને મહેનતથી સાથ અને સહકાર આપ્યો. અન વિવિધ ક્ષેત્રે મહત્વના પ્રદાન કરી વ્યક્તિ વિશેષ બન્યા.

## નેહાવંદનું યુદ્ધ ઈરાની શહેનશાહતની અને પ્રજાની પડતી અને હિંદ તરફ આગમન :

ઈરાનના સાસાની વંશના છેલ્લા સમ્રાટ યઝદજર્દ (૩જા) શહેરિયારનો ઈ. સ. ૬૩૧ માં રાજ્યાભિષેક થયો. ઈ. સ, ૬૩૩ થી ઈરાનના રાજ્યનું નિકંદન કાઢી ઈરાનની પ્રજા અને સંસ્કૃતિને નિર્મૂળ કરવાની તૈયારીઓ અરબો તરફથી થઈ રહી. બગદાદના ખલીફ ઓમર ( ઈ. સ. ૬૩૪ - ૬૪૪ ) જેવા ચૂંટાયા કે તરત જ ઈરાની શહનશાહત ઉપર આક્રમણ કર્યું અને ઈ. સ. ૬૩૬ માં કદિસિયાના પ્રસિદ્ધ યુદ્ધમાં ઈરાનીઓએ સખ્ત હાર ખાધી. અરબોએ રાજધાનીનું શહેર મયદાન જીતી લીધું હોવાથી યઝદજર્દ હોલવાન તરફ ભાગ્યો જયાં જલુલાના રણક્ષેત્રમાં બીજું યુદ્ધ ઈ. સ. ૬૩૭ માં ખેલાયું. અંતે ઈ. સ. ૬૪૧ માં નેહાવંદના યુદ્ધમાં ખલીફ ઓમરના લશ્કરથી યઝદજર્દ હાર પામ્યો અને અગિયાર વર્ષ સુધી ભટકીને ઈ. સ. ૬૫૨ માં લોટ પીસવાની ચક્કીવાળાના હાથે દગાથી માર્યો

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ગયો. આ રીતે જેનાથી ઈરાનમાં ૪૧૫ વર્ષ સુધી પ્રવર્તેલા સાસાની રાજ્યઅમલનો અંત આવ્યો એ નેહાવંદનું યુદ્ધ જેમ ઈરાની શહેનશાહતની પડતીનું સૂચક છે તેમ પારસી પ્રજાની પડતીનું પણ સૂચક છે. આમ રાજવાશી ઈરાનીઓમાં ઐતિહાસિક અને ભૌગોલિક પરિબળે પરિવર્તિત થયેલાં પ્રજાજીવનને પરિણામે ઈરાનના ઈતિહાસની વ્યાખ્યા ને રૂપરેખા ઉપર આલેખ્યા પ્રમાણે આપોઆપ બદલાઈ ગઈ. ( ૧ ) ઈસુની સાતમી સદીથી ઈરાનીઓના રાજવંશો, યુદ્ધો અને સંધિઓથી પરિપલ્લવિત ઈરાનના ઈતિહાસનું એક પ્રકરણ બદલાઈ ગયું. તત્પશ્ચાત્ અરબોની સત્તાના બળ ને મહામારી વચ્ચે ભૂંસાતી, રઝળપાટની ભૂમિની વિષમતા અનુભવતી અને ઐતિહાસિક ને ભૌગોલિક પરિસ્થિતિઓ વચ્ચે ઝોલાં ખાતી ઈરાની પ્રજાની ઈતિહાસનું નવીન પ્રકરણ શરૂ થયું.

ઈરાનમાં અરબોએ પ્રર્વતાવેલી મહામારીને કારણે પારસીઓએ આઠમી સદીમાં પોતાની ( જીવન ) નૌકા ભારત તરફ હંકારી અને ગુજરાતને કિનારે લાંગરેલી એ નૌકા કિનારાની સંસ્કૃતિમાં સમરસ બની ગઈ કે પોતાની ઈરાની સંસ્કૃતિના રંગે ગુજરાતના કિનારાને રંગી નાંખ્યો તે કહેવું મુશ્કેલ છે. પ્રશ્ન નિરૂત્તર જ રહેશે કે:

આ ભવસાગરને કિનારાની કોટાઈ નથી કાંઈ,

જ્યાં લાંગરી ગઈ જીવનનૌકા તે કિનારો એનો કે નાવ કિનારાની ?

એટલું કહેવું પ્રર્યાપ્ત છે કે એક સબળ સંસ્કૃતિ અને સંસ્કારનો વારસો લઈને ગુજરાતને કિનારે ઉતરેલી ફારસ દેશની પરદેશી પ્રજાએ ગુજરાતીઓમાં પોતાના સંસ્કારોનું અમીસિંચન કરીને, હમ્પામાન કે હજ્જામાનનગર ( ૨ ) ( હાલનું સંજાણ ) માં ઉતરતાં વેંત જ દૂધના ઘડામાં સાકર નાંખીને ગુજરાતની પ્રજાસંસ્કૃતિમાં સમરસ બની જઈ તેમાં મીઠાશ આણવાનું છે વચન રાજા સુંદર ગોઝ્ગીના પુત્ર વજદ - દેવ ( જદદ દેસ - જાદીરાણા ) ને આપ્યું હતું તે સાર્થક કરી બતાવ્યું. આ પ્રજા ઈરાનથી હિજરત કરી ભારતમાં આવી અને સામાજીક ક્ષેત્રે ગુજરાત અને હિંદ ને વફાદાર રહી પોતાની પ્રગતિ સાથોસાથ ગુજરાત અને ભારતની પ્રગતિમાં પુરા ખંત અને મહેનતથી સાથ અને સહકાર આપ્યો. અને વિવિધ ક્ષેત્રે મહત્વના પ્રદાન કરી વ્યક્તિ વિશેષ બન્યા.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/




## વાડીઆ પારસીઓનું સાંસ્કૃતિક પ્રદાન :

અંગ્રેજોએ ઈ. સ. ૧૭૦૦ના વર્ષમાં સુરતના વહાણો બનાવવા માટે એક ગોદી બાંધી. એ પછી પાંત્રીસ વર્ષ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ મુંબઈમાં બીજી ગોદી બાંધી અને પછી ઈ. સ. ૧૭૫૪, ૧૭૬૨ અને ૧૭૬૩ ના વર્ષોમાં અન્ય ત્રણ ગોદીઓ બાંધી. એ વેળા ફૉરમેન લવજી નસરવાનજી વાડીઆ ( ઈ. સ. ૧૭૦૨ - ૭૪ ) નામના એ હુન્નરમાં પારંગત પારસી ‘ માસ્તર બિલ્ડર ’ નો ઈલ્કાબ મેળવી સુરતથી મુંબઈ ગયા. દેશપરદેશમાં તેમની સારી ખ્યાતિ હતી. એમના કુટુંબમાં એ હુન્નર ઈ. સ. ૧૮૮૫ સુધી રહ્યો. એ સખાવતી કુટુંબની કેટલીક વ્યક્તિઓએ વ્યાપારમાંથી દ્રવ્યોપાર્જન કર્યું. એ કુટુંબમાં સાઠ વર્ષ સુધી વૈધવ્ય પાળનાર કમનસીબ વિધવા મોટલીબાઈ માણેકજી નવરોજી વાડીઆ ( ઈ. સ. ૧૮૧૧ - ૧૮૯૭ ) એ ૨૬ લાખ રૂપિયાની વિવિધ સખાવતો કરી. એમના દાનવીર પુત્ર નવરોજીએ વારસામાં મળેલ દોલતમાં વધારો કરી પોતાની હયાતિ દરમિયાન સાર્વજનિક દાન માટે “એન. એમ. વાડીઆ ચેરિટીઝ ટ્રસ્ટ" ની સ્થાપના કરીને ૮૮ લાખ રૂપિયાનું દાન કર્યું. એ ટ્રસ્ટે ગુજરાતમાં કે ભારતમાં જ નહીં પણ પરદેશમાં પણ નાણાકીય સહાય કરી છે. નવરોજીના સુપુત્રો સરખુશરૂ ( ઈ. સ. ૧૮૬૯ - ૧૯૫૦ ) અને સર નેસ ( ઈ. સ. ૧૮૭૩ - ૧૯૫૨ ) મીલ ઉદ્યોગમાં અઢળક દ્રવ્યોપાર્જન કરીને પ્રશસ્ય દાન કર્યા છે. સર નેસના સુવિખ્યાત ચિરંજીવ નેવીલે ( જન્મ ઈ. સ. ૧૯૧૧ ) ઉદ્યોગમાં કુશળતા દર્શાવી ઈંગ્લેન્ડની ‘ નેશનલ એન્ડ ગ્રીન્ડલેઝ બેંક ' માં ડાયરેક્ટરનો હોદો મેળવ્યો. જે માન અન્ય ભારતવાસીને મળ્યું નથી. ગુજરાતના સુરત શહેરના મૂળ વતની વાડીમાં કુટુંબની સખાવતો જગતમાં જાણીતી છે અને અન્ય ગુજરાતીઓને દાનવીર બનવાની પ્રેરણા આપે એવી છે. વાડીઆની સખાવતોમાંથી સહાય મેળવીને કેળવણી પામેલી વ્યક્તિઓ ગુજરાતની સંસ્કૃતિના વિકાસમાં પ્રશસ્ય ફાળો આપી રહી છે. ( ૩૪ )

**પેસ્તનશાહી સિક્કોઃ**

ઓગણીસમી સદીમાં વિકાજી મહેરજી ( ઈ. સ. ૧૭૮૧ - ૧૮૫૩ ) અને પેસ્તનજી મહેરજી ( ઈ. સ. ૧૭૯૯ - ૧૮૫૪ ) નામના બે ભાઈઓએ તારાપોરથી દખણ હૈદરાબાદ જઈને ઔરંગાબાદમાં નિઝામની ટંકશાળાનો વહીવટ કર્યો હતો. આ રાજ્યના ઈ. સ. ૧૮૪૦ માં પાડવામાં આવેલા ચાંદીના સિક્કા ઉપર ‘પે. વી.' ( પેસ્તનજી વીકાજી ) છાપવામાં આવ્યું હતું. એ સિક્કાને ‘પેસ્તનશાહી સિક્કો’

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

કહેવામાં આવતો. ઈરાનનું રાજ્ય ગુમાવ્યા બાદ આ એક જ સિક્કો એવો પાડવામાં આવ્યો જેની ઉપર એક પારસીનું નામ લખવામાં આવ્યું હતું. એ પારસીઓને જ નહીં પણ સમગ્ર ગુજરાતને ગૌરવ લેવા જેવું છે. ( ૩૫ )

ગઈ સદીમાં ગુજરાતના સુરત જેવાં શહેરોમાંથી મુંબઈ જઈને વસ્યા પછી વેપારઉદ્યોગને ક્ષેત્રે સારું નાણું કમાઈને નામાંકિત દાનશૂરા શેઠિયાઓ સર્વ શ્રી ઑલબ્લેસ, કામા, દાદીશેઠ, બહેરામજી જીજીભાઈ, પાંડે વગેરેએ મુંબઈમાં અગિયારી, આરોગ્યગૃહો, વિશ્રામગૃહો વગેરે બંધાવ્યા ઉપરાંત ગુજરાતના ગામડાઓમાં પણ એવાં મકાનો બંધાવીને નોંધપાત્ર સખાવતો કરી છે.

**સર જમશેદજી જીજીભાઈ ( ઈ. સ. ૧૭૮૩ - ૧૮૫૯ ) :**

નવસારીના ગરીબ વાચ્છાજી કુટુંબમાં જન્મેલા સર જમશેદજી પાંચ વાર ચીન જઈને ત્યાંની મોટી વેપારી પેઢીઓ - જારડીન મેથેસન વગેરેના એક સ્થાપક ભાગીદાર બન્યા હતા. અને હિંદના ચીન સાથે વેપાર વધારીને તેમને અઢળક દ્રવ્યોપાર્જન કર્યું હતું. બાટલીનો વેપાર કરવાને લીધે તે ‘ બાટલીવાળા ’ પણ કહેવાય. જેટલું વધુ કમાયા એટલી વધુ સખાવતો એમણે કરી. જેનો આંકડો રૂપિયા ૨૫ લાખ ઉપરાંતનો ગણાય છે. અંગ્રેજોએ પણ જેની કદર કરી હતી એવી અનન્ય સખાવત કરનાર એ પહેલા પારસી હતા. ઈ. સ. ૧૮૨ ૧ માં મુંબઈની પારસી પંચાયતના ટ્રસ્ટી નિમાયા પછી એમણે પારસી કૉમમાં પ્રવેશેલી કુરૂઢીઓ સામે લડત ચલાવી તેમને પગલે ચાલી દાદાભાઈ નવરોજી, સોરાબજી, બંગાળી કવિ મલબારી વગેરેએ પારસી અને કેટલેક અંશે હિંદુ સમાજસુધારાના પ્રશસ્ય કાર્યો કરીને ગુજરાતી સમાજના વિકાસમાં અને રાજકારણમાં પ્રશસ્ય સંપ્રદાન કર્યું છે. ( ૩૬ )

**બનાજી :**

ખેતીવાડી અને હુન્નરઉદ્યોગના વિકાસના ક્ષેત્રે પારસીઓનો ફાળો નાનોસૂનો નથી. ઈ. સ. ૧૬૮૦ માં બનાજી ભીમજીએ સુરત પાસેનાં ભગવાદાંડી ગામથી મુંબઈ આવીને ચીન અને બર્મા સાથે વેપાર ખેડ્યો હતો. એ કુટુંબના ફરામજી કાવસજી બનાજી ( ઈ. સ. ૧૭૬૭ ૧૮૫૨ ) એ અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી ખેતીવાડીને ઉત્તેજન આપવા તથા નવા હુન્નરઉદ્યોગ દાખલ કરી તેને વિકસાવવા

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

પોતાની સમૃદ્ધિનો મોટો ભાગ આપ્યો હતો. ઈ. સ. ૧૮૪૫ માં મુંબઈ સુતરાઉ કાપડના વણાટની મીલ કાઢવાનો એમને સૌ પ્રથમ પ્રયાસ કર્યો હતો. મહારાણી વિકટોરિયા ઉપર પોતાના ઉત્તમ આંબાની કેરી ભેટ મોકલનાર એ પ્રથમ ભારતવાસી હતા.

**સર કાવસજી જહાંગીર રૅડીમની ( ઈ. સ. ૧૮૧૨ - ૭૮ )**

ચીન સાથે બહોળો વેપાર ખેડીને અઢળક સંપત્તિ પ્રાપ્ત કરનાર અને ઈ. સ. ૧૮૬૪ - ૬૫ માં મુંબઈના શેરબજારની ગંભીર પરિસ્થિતિ વેળાએ ઉગરી જનાર એ ‘ તીક્ષણ બુદ્ધિવાળા કુનેહબાજ વેપારી ’ નાણાંની ધીરધાર કરવા હંમેશ તત્પર રહેતા હોવાતી એમને “ રેડીમની ” નો ઈલ્કાબ મળ્યો હતો. સર જમશેદજી જીજીભાઈ ( પહેલા બેરોનેટ ) ની માફક એમને કેળવણીના પ્રચારાર્થે યુનિવર્સિટી અને કૉલેજ - શાળાઓનાં મકાનો માટે તેમજ ઈસ્પિતાલ અને એવી બીજી ઉપયોગી સંસ્થાઓ માટે મોટી રકમના દાનો કર્યા હતાં. એ જાહેર સેવાની કદર કરીને અંગ્રેજ સરકારે ઈ. સ. ૧૮૭૨ માં એમને ‘ સર નાઈટ ’ નો ઈલ્કાબ આપ્યો હતો. નિસંતાન હોવાથી એમને દત્તક લીધેલા જહાંગીર ( ઈ. સ. ૧૮૫૩ - ૧૯૩૪ ) ને સર જમશેદજી જીજીભાઈ અને સર દીનશાહ પીટિટ પછી હિંદમાં ત્રીજા બેરોનેટ થવાનું માન મળ્યું હતું. જે માન બીજા બે હિંદીઓ - સર ( મહમદ ) કરીમભાઈ ઈબ્રાહીમભાઈ અને સર ચીનુભાઈ માધવલાલ રણછોડદાસ - ને અનુક્રમે ઈ. સ. ૧૯૧૦અને ઈ. સ. ૧૯૧૩ માં બ્રિટિશ સરકાર તરફથી મળ્યું હતું.

**પીટિટ** :

એ ખાનદાનના સ્થાપક નશરવાનજી કાવસજી ઈ. સ. ૧૮૭૫ માં સુરતથી મુંબઈ આવીને એક આતડિયા તરીકે ફ્રેન્ચ પ્રજાના સમાગમમાં આવ્યા ત્યારે એમના ઠીંગણા કદને લીધે ફ્રેન્ચ અધિકારીઓ એમને ‘ પીટિટ ’ ( ઠીંગણાં ) તરીકે સંબોધતા. આથી તેમનાં કુટુંબની અટક ‘ પીટિટ ' પડી. વેપારમાંથી નાણું કમાનાર નસરવાનજીના પુત્ર માણેકજી મસકત બંદર સાથે વેપાર ખેડનાર એક આગેવાન હિંદી ગણાતા. ઈરાનમાં મુસલમાન રાજકર્તાઓના જુલમમાં ફસાયેલા ઈરાનીઓને મદદ કરવાને માટે કોમના એ અકબરે માણેકજી હાટરિયાને ઈ. સ. ૧૮૫૪ માં ઈરાન મોકલ્યા. માણેકજી પીટિટના બે

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

પુત્રોમાંથી સર દીનશાહે વેપારઉદ્યોગક્ષેત્રે નાણું મેળવીને અનેક સખાવતો કરી હતી. બીજા ધંધાઓ ઉપરાંત સુતરાઉ કાપડ બનાવવાની મીલના ઉદ્યોગમાં આગેવાની લઈને અડધો ડઝન મીલના એ માલિક બન્યા હતા. જો કે મુંબઈમાં વરાળથી ચાલતી પહેલી સુતરાઉ કાપડ બનાવવાની મીલ ઈ. સ. ૧૮૫૪માં કાવસજી નાનાભાઈ દાવરે સ્થાપી હતી પણ મુંબઈમાં મીલઉદ્યોગનો વિકાસ કરવા પીટિટે ઉઠાવેલી જહેમતને પ્રતાપે મુંબઈ શહેર પૂર્વનું મૅન્ચેસ્ટર બન્યું. એમણે કરેલાં રૂપિયા ૨૦ લાખના દાનને કારણે એમને ' સર નાઈટ ' નો ઈલ્કાબ મળ્યો હતો. સર દીનસાહના બીજા પુત્ર બમનજી ( ઈ. સ. ૧૮૫૯ - ૧૯૧૫ ) એ ઈ. સ. ૧૯૧૨ માં ' બમનજી દીનશાહ પીટિટ પારસી જનરલ ઈસ્પિતાલ " સ્થાપી પારસી કૉમની અનન્ય સેવા બજાવી છે. એ રીતે ગુજરાતમાં વસતી પારસી કોમનો મોટો ભાગ પોતાના રોગોનું નિદાન કરાવી ગુજરાતની સંસ્કૃતિમાં પોતાનો શારીરિક કે માનસિક ફાળો યથાશક્તિ આપી શકે એવું સ્વાસ્થ પુનઃપ્રાપ્ત કરી લે છે.

**જમશેદજી નસરવાનજી ટાટા ( ઈ. સ. ૧૮૩૯ - ૧૯૦૪ ) :**

એમનું નામ એક અનન્ય ઉદ્યોગપતિ ને ક્રાન્તદેષ્ટા તરીકે વિશ્વમાં જાણીતું છે. "ભારતના શરૂઆતના ઉદ્યોગપતિઓમાં સૌથી મહાન" ( ૩૭ ) ગણાતા જમશેદજી હિંદના આજના ઉદ્યોગોના પિતા લેખાય છે. પોતાની ક્રાન્તદૃષ્ટિને બળે એ પ્રથમવાર જોઈ શક્યા કે ભારતની પારકી સરકાર તેને વેપાર કે હુન્નર ઉદ્યોગમાં આગળ વધવા દેતી નથી. તેથી પોતાનો ચીન સાથેનો વ્યાપાર સંકેલી લઈ તેમણે હિંદમાં ઉદ્યોગના ક્ષેત્રે ઝંપલાવીને ઈ. સ. ૧૮૮૭ માં 'ટાટા સન્સ' નામની પેઢી સ્થાપી. એમણે બિહારનાં જંગલમાં સાકચી ખાતે ખાણો શોધીને લોખંડ ( સ્ટીલ ) બનાવવાનું કારખાનું સ્થાપ્યું. આ કારખાનામાંથી ઉત્પાદન થયેલું લોખંડ પહેલાં વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યોને ખપ લાગવાથી અંગ્રેજોએ આભારનાં એંધાણરૂપે ઈ. સ. ૧૯૦૯ માં સાકચીને 'જમશેદપુર' નું નામ આપ્યું અને નજદીકના રેલ્વે સ્ટેશન 'કાલીમાટી' નું નામ બદલીને 'ટાટાનગર' પાડ્યું. જમશેદજીના ચિરંજીવો - કલા અને ઉદ્યોગોના ઉપાસક સર દોરાબજી ( ઈ. સ. ૧૮૫૯ - ૧૯૩૨ ) અને સર રતન ( ઈ. સ. ૧૮૭૧ - ૧૯૧૮ ) પિત્રાઈ રતનજી દાદાભાઈ ટાટા અને મિત્ર બરજોરજી પેસ્તનજી પાદશાહની કુનેહથી જમશેદજીએ સ્થાપેલો સ્ટીલનો ઉદ્યોગ વિકાસ પામ્યો. અંગ્રેજ સરકારના પૂરતા ટેકા વિના ભારતમાં લોખંડ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

બનાવવાનું પહેલું કારખાનું નાંખવા ઉપરાંત નવી પદ્ધતિએ ચાલતી સુતરાઉ કાપડ બનાવવાની મીલો, વીજળીનું બળ ઉત્પન્ન કરવાના કારખાનાઓ - જેમાંથી મુંબઈ અને આસપાસની ચાલીસ હજાર એકર જમીનને પહેલી વીજળી પૂરી પાડવામાં આવી હતી, વગેરે સ્થાપવાને માટે જમશેદજીએ તનતોડ પ્રયત્નો કર્યા હતા. કારખાનાના કામદારોનું સંપૂર્ણ હિત સાચવનાર એ 'ઉદ્યોગપિતા' એ ઉદ્યોગના વિકાસાર્થે વિજ્ઞાનની કેળવણીને શોધખોળ માટે બેંગ્લોરમાં "ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ" ની સ્થાપના કરી. ગુજરાતીઓને પણ એના સારો લાભ મળે છે.

જમશેદજીએ અધૂરાં આદરેલાં પૂરાં કરવા માટે હાલમાં ટાટાના સુકાની શ્રી જેહાંગીર રતનજી દાદાભાઈ ટાટા ( જન્મ ૧૯૦૪ ) અને શ્રી નવલ ટાટા અવિશ્રાંત પરિશ્રમ ઉઠાવીને ભારતના વિમાન - ઉદ્યોગને વિકસાવી રહ્યા છે. આજે તેઓ હિંદી સરકારના સહકારથી લોખંડ એન્જિનો, મશીનરી, ખેતીવાડીને લગતાં ઓજારો, વિજળી - બળ, કાપડ, સિમેન્ટ, કૅમિકલ્સ, સાબુ, રેડિયો, વીમો, હૉટલો વગેરે અનેક વેપારઉદ્યોગનો વિકાસ કરી રહ્યા છે. "ટાટા એન્ડ સન્સ " ને નામે વેપારી પેઢી તરીકે રૂ. ૨૧, ૦૦૦ની થાપણથી શરૂ થયેલી એ ખાનગી લિમિટેડ કંપનીની થાપણ આજે ૩૯૭ કરોડ રૂપિયાની ઉપરાંત છે અને તે ભારતમાં હુન્નર ઉદ્યોગનો વહિવટ કરનાર સૌથી મોટી લિમિટેડ કંપની છે. આ કંપનીમાં ૧, ૩૪, ૦૦૦ માણસો કામ કરે છે. ગુજરાતમાંથી મુંબઈ અને અન્ય શહેરોમાં સ્થળાંતર કરનાર પારસી અને બિન - પારસી ગુજરાતી પ્રજાનો મોટો ભાગ ટાટાનાં કારખાનામાં કામ કરે છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. એ રીતે ટાટાએ ગુજરાતમાં અને ગુજરાત બહાર હુન્નર ઉદ્યોગ વિકસાવીને ગુજરાતની મોટા ભાગની વસતિને ગરીબાઈ, ભૂખમરો અને નિરક્ષરતામાંથી ઉગારી લઈ ગુજરાતની સંસ્કૃતિનો સર્વતોમુખી વિકાસ સાધવામાં સૌથી વિશેષ ફાળો આપ્યો છે, તેથી ગુજરાત એ કુટુંબનું અત્યંત ઋણી છે. ટાટાની દૃષ્ટિ આજે ગુજરાત તરફ વળી છે એ ગુજરાતના હુન્નર ઉદ્યોગને માટે એક શુભ ચિહ્ન છે. કૅન્સરના નિદાન માટે ટાટાએ સ્થાપેલી ને પાછળથી સરકાર સંચાલિત ટાટા મેમોરિયલ ઈસ્પિતાલ ગુજરાતની અને ભારતની પ્રજાને માટે આશિષરૂપ છે.

આજે ટાટા કંપનીની વાર્ષિક આવક કરોડો રૂપિયાની મનાય છે. લગભગ ૮૩ ટકા જેટલી આ કંપનીની થાપણ ટાટાના કુટુંબીજનોએ સ્થાપિત કરેલાં સખાવતી ટ્રસ્ટો ધરાવે છે. જમશેદજીએ પોતે

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

" જે. એન. ટાટા એન્ડાઉમેન્ટ ફોર હાયર એજ્યુકેશન" નામનું ટ્રસ્ટ હિંદી વિદ્યાર્થીઓને પરદેશમાં ઉચ્ચ શિક્ષણ મળે એ હેતુથી સ્થાપ્યું હતું. ' સર દોરાબજી ટાટા ટ્રસ્ટ " અને લેડી દોરાબજી ટાટા ટ્રસ્ટ " ઉચ્ચ કેળવણી, દુ : ખદર્દીને લાગતી શોધખોળ અને હાજતમંદોને આર્થિક સહાય આપવા માટે સ્થપાયાં છે. સામાજિક સેવા માટે "સર રતન ટાટા ચેરિટીઝ" સ્થાપવામાં આવ્યું છે. આ કંપનીના નફાનો ઘણો મોટો ભાગ સાર્વજનિક સખાવતોના કામોમાં વપરાય છે, જેને લાભ સમગ્ર પારસી કોમને તેમજ કેટલેક અંશે ભારતના બધા પ્રદેશોની પ્રજા સાથે ગુજરાતને પણ મળી રહ્યો છે.

**ગોદરેજ :**

ટાટાની જેમ ઉદ્યોગક્ષેત્રે નામ કાઢનાર ગોદરેજ કુટુંબમાંથી અરદેસર બરજોરજી ગોદરેજે ( ઈ. સ. ૧૮૬૭ - ૧૯૩૬ ) પોતાની ત્રીસ વર્ષની વયે કાયદાની પ્રેકટિસ છોડીને ઉદ્યોગક્ષેત્રે ઝંપલાવ્યું. તેમણે તાળાં-ચાવી બનાવવાની શરૂઆત કરીને તિજોરીઓ બનાવી. ઈ. સ. ૧૯૦૦ માં શ્રી બોઈસ સાથે ભાગીદારીમાં ધંધો કરીને તેમણે અઢળક સંપત્તિ મેળવી. આજે તાળાં - ચાવી, તિજોરી, સ્ટીલનું ફર્નિચર, ટાઈપરાઈટર, રેફ્રિજરેટર અને સાબુ - પાવડર જવાં ટોયલેટનાં સાધનો બનાવવાનું કારખાનું ગોદરેજ ચલાવે છે, તે દેશમાં ખાનગી માલિકીનું સૌથી મોધું કારખાનું છે. જેમાં ૭, ૦૦૦ કરતાં વધુ માણસોને રોજી મળે છે. એ જોગાનુજોગ છે કે એના કામદારવર્ગમાં પારસી અને બિન - પારસી ગુજરાતીઓની સંખ્યા સવિશેષ છે. ગુજરાતના અનેક કુટુંબો કામદારોને મળતી પ્રશસ્ય તકોનો લાભ ઉઠાવે છે. ગુજરાત - સૌરાષ્ટ્રનાં કેટલાંયે ગુજરાતી કુટુંબો એ કંપનીમાં કમાણી કરીને ' દેશમાં આવીને ઠરીઠામ થાય છે અને મોટી કમાણી કરનારા પોતાના ગામોમાં કેળવણી જેવાં અનેક ક્ષેત્રે નોંધપાત્ર દાન પણ આપે છે. આ રીતે ગુજરાતની સંસ્કૃતિના વિકાસમાં પારસીઓનો ફાળો અગ્રગણ્ય છે. આખા જગતમાં શ્રેષ્ઠ ગણાતી પારસીઓની સખાવતો વડે કેળવણી, વિજ્ઞાન, ઉદ્યોગ, રોગનિદાનને શોધખોળને ક્ષેત્રે જે વિકાસ સધાય છે તેનો સીધો લાભ ગુજરાતની સંસ્કૃતિને મળે છે અને તેથી એ સંસ્કૃતિનું વૃક્ષ ફૂલતું ફલતું રહ્યું છે. ( ૩૮ )

## નામાંકિત પારસી વ્યક્તિ વિશેષો

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

## ગુજરાત તથા હિદને વિવિધ ક્ષેત્રે પ્રદાન

૧. પારસીઓ ઈરાનથી હીંદ આવ્યા પછી ઈરાન જઈ રેવાયત લાવનાર પહેલ વ્હેલા બહાદુર પારસી મુસાફર = બહેદીન નરીમાન હોસંગ ભરૂચી ( નવસારીવાલા ), ઈ. સ. ૧૪૮૬

૨. નવસારીના પહેલા વડા દસ્તુર = દસ્તુરજી મહેરજી રાણા, ઈ. સ. ૧૫૭૯

૩. ગુજરાતી છાપાની હસ્તી આગમચ ‘ કીસ્સે સંજાણ ’ તઈયાર કરનાર પહેલા પારસી તવારી ખનવેશ = મોબેદ બહમન કેકોબાદ સંજાણા, ઈ. સ. ૧૬૦૦

૪. સુરતની અંગ્રેજી કોઠીના પહેલઠેલા પારસી દલાલ = શેઠ રૂસ્તમ માણેકના ( શેઠ ખાનદાનના વડવા ), ઈ. સ. ૧૬૫૫

૫. પહેલા પારસી સરકારી કંટરાટર = ખરશેદજી હોંચાજી પાંડે, ઈ. સ. ૧૬૬૫

૬. મુંબઈ શહેરના પહેલા પારસી બોડી - ટેક્ષ, કલેક્ટર = દોરાબજી નાનાભાઈ પટેલ ( મોરા, સુમારીથી મુંબઈ આવનાર પહેલા પારસી ), ઈ. સ. ૧૬૬૮

૭. અંગ્રેજ સરકારે સ્થાયેલી પહેલી ટંકશાળ વેળાએ સીક્કા પાડવા થકી ખાસ રોકવામાં આવેલા પહેલા પારસી = સુરતના પારસી રતનજી, ઈ. સ. ૧૬૭૨

૮. સીધ્ધીઓની મુંબઈના ટાપુ ઉપરની ચઢાઈ વેળાએ સંકટમાં ફસેલાં મુંબઈના વતનીઓને દલોજાન મદદ આપનાર પહેલા પારસી = રૂસ્તમ દોરાબ, ઈ. સ. ૧૬૮૯ – ૧૬૯૦

૯. મુંબઈ સરકાર તરફથી વંશપરંપરાની મુંબઈની પટેલી મેલવનાર પહેલા પરસી = રૂસ્તમજી દોરાબજી નાનાભાઈ પટેલ, ઈ. સ. ૧૬૯૨

૧૦. મુંબઈના પહેલા પરસી દાવર = અનાજી લીમજી, ઈ. સ. ૧૭૦૯

૧૧. કદમી ‘ રોજ, માહ ’ સુરત ખાતે ભણનાર પહેલા પરસી = માણેકજી એદલજી અરમાની ( દલાલ ), ઈ. સ. ૧૭૨૧

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૧૨. સોનાની ખુરશી ઉપર બેસી ઈનસાફ કરનાર નવસારીના પહેલા પરસી દેસાઈ = બહેદીન ચાંગા આશા ( નવસારીવાલા )

૧૩. જરથોસ્તીઓના પવિત્ર કેબલા ‘ ઈરાનશાહ ” આતશ બહેરામને સંજાણમાં પથરયા પછી પહેલી બોય દેનાર પહેલા બુજર્ગ દસ્તુર = દસ્તુર નઈરયોસંગ ધવલ

૧૪. પારસી ધરમ પુસ્તકોનો પાજંદ અને સંસ્કૃતમાં પહેલો તરજુમો કરનાર પહેલા પારસી જરથોસ્તી દસ્તુર = દસ્તુર નઈરસોયંગ ધવલ

૧૫. ઈંગ્લેન્ડ ગયેલા પહેલા પરસી = નવરોજી રૂસ્તમજી શેઠના ( પ્રખ્યાત રૂસ્તમ માણેકના ત્રીજા બેટા, સુરતથી ગયલા ), ઈ. સ. ૧૭૨૪

૧૬. મુંબઈમાં અંગ્રેજી અસબાબ ( યુરોપ શોપ ) ઉઘાડનાર પહેલા પારસી = ભીખાજી બેરામજી પાંડે ઉર્ફે ભીખા બહેરામ, ઈ. સ. ૧૭૨૫

૧૭. સુરત ગોદીના પહેલા પારસી માસ્તર બીલ્ડર = સોરાબજી શબાં હોરા, ઈ. સ. ૧૭૩૫ પહેલાં

૧૮. પહેલા પારસી ગાંધી – કાવસજી હીરજી ગાંધી, ઈ. સ. ૧૭૩૫

૧૯. પહેલા પારસી મોદી ( યુનાઈટેડ ) ઈસ્ટ ઈડીયા કંપનીના અમલદારોને તથા લશકરી આતાઓને સીધો સામાન વીગેરે પુરો પાડનાર = જીજીભાઈ જમશેદજી મોદી, ( મુંબઈમાં સ્થપાયેલી પહેલ વહેલી પારસી પંચાયતનાં આગેવાન અકાબર ) મરણ, ઈ. સ. ૧૭૩૮

૨૦. મુંબઈના પહેલબ્રેલા પારસી માસ્તર બીલ્ડર = લવજી નશરવાનજી વાહાડીયા, ઈ. સ. ૧૭૪૦

૨૧. મીરઝાં ખુશરોનો ખેતાબ મેળવનાર પહેલા પારસી = કાઉસજી રૂસ્તમજી મીરઝાં, ખુશરોબેગ, ઈ. સ. ૧૭૪૨

૨૨. નેકસાઅતખાનનો ખેતાબ મેળવનાર પહેલા પારસી = સોરાબજી કાવસજી નેકસાઅતખાન, ( સુરતના તાલીમારખાન તથા કોટવાલ બહાદુર કુટુંબના વડા ), ઈ. સ. ૧૭૪૪

૨૩. તાલીમારખાનનો ખેતાબ મેળવનાર પહેલા પારસી = પેસ્તનજી સોરાબજી તાલીમારખાન ( સોરાબજી નેકસાઅતખાનના બેટા ), ઈ. સ. ૧૭૪૪

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૨૪. મોગલાઈ અમલના પહેલા પારસી ઘડીયાલી = સોરાબજી કાવસજીનેકસાઅતખાન, ઈ. સ. ૧૭૪૪

૨૫. મુંબઈના પહેલા પારસી લેન્ડલોર્ડ ( જમીનદાર ) નવરોજી હીલનાઅસલ માલેક = માણેકજી નવરોજી શેઠના, મરણ ઈ. સ. ૧૭૪૮

૨૬. મુંબઈમાં ગોદી બાંધનાર પહેલા પારસી = લવજી નશરવાનજી વાહાડીયા, ઈ. સ. ૧૭૫૦

૨૭. મુંબઈથી ચીન ગયેલા પહેલા પારસી = હીરજી જીવનજી રેડીમની, ઈ. સ. ૧૭૫૬

૨૮. નામદાર મુંબઈ સરકાર તરફથી જાગીર મેળવનાર પહેલ વ્હેલા પારસી = બેરામજી હોમજી ઉર્ફે વ્હેલી હોમજી, ઈ. સ. ૧૭૫૭

૨૯. મુંબઈના પહેલા પારસી ટીમ્બર મરચંટ = લવજી સોરાબજી લાકડાંવાલા, ઈ. સ. ૧૭૬૫.

૩૦. નવસારીમાં શહેનશાહી આતશ બહેરામ સ્થાપનાર પહેલા પારસી = ખુરશેદજી તેમુલજી દેસાઈ, ઈ. સ. ૧૭૬૫

૩૧. મુલ્લાંનો ખેતાબ મેળવનાર પહેલા પારસીઓ = ( ૧ ) મુલ્લાં કાઉસ રૂસ્તમ જલાલ ( ૨ ) દસ્તુર મુલ્લા ફીરોઝ, ઈ. સ. ૧૭૬૯

૩૨. મુંબઈના કોમીસરીએટ ખાતાના પહેલા પારસી એકાઉન્ટન્ટો = ( ૧ ) દોરાબજી ફરદુનજી લશકરી ( ૨ ) બેરામજી ફરદુનજી લશકરી, ઈ. સ. ૧૭૭૦

૩૩. પહેલા પારસી ક્રાયર = માણેકજી કાવસજી લીલાંઉંવાલા, ઈ. સ. ૧૭૭૧

૩૪. બહેરેમંદખાનનો ખેતાબ મેળવનાર પહેલા પારસી = બરજોરજી સોરાબજી હેમંદખાન, ઈ. સ. ૧૭૭૪

૩૫. પેશવાઈ અમલના પહેલા પારસી અમલદાર = ભીમજીભાઈ દાદાજી તારાપોરવાલા, ઈ. સ. ૧૭૭૫

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582-046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૩૬. મુંબઈમાં રૂ દાબવાનું મશીન ( કોટન સ્કરૂ ) પહેલું શોધી કાઢનાર પહેલા પારસી = દાદીભાઈ નસરવાનજી, ઈ. સ. ૧૭૭૬

૩૭. ફરેન્ચ સરકારના પહેલા પારસી એજંટ = નસરવાનજી માનેકજી લવજી વહાડીયા, ઈ. સ. ૧૭૭૬

૩૮. મુંબઈમાં અંગ્રેજી છાપખાનું કાઢનાર પહેલા પારસી = રૂસ્તમજી કેરણાસ્પજી, ઈ. સ. ૧૭૭૮

૩૯. ગુજરાતી ખોરદેહ અવસ્તા પહેલી તઈયાર કરનાર દસ્તુર = દસ્તુર રૂસ્તમજી બેરામજી સંજાણા ( સુરતવાળા ), ઈ. સ. ૧૭૭૮

૪૦. મુંબઈના પહેલા પારસી શરોફ = નવરોજી રૂસ્તમજી શેખજી ( નવલાઈ શેખજી ), ઈ. સ. ૧૭૮૦

૪૧. ભરૂચના નવાબના પહેલા પારસી એજંટ તેમજ મંબઈની અંગ્રેજ પેઢીઓના પહેલો પારસી દલાલ = નાનાભાઈ બેરામજી દાવર, ઈ. સ. ૧૭૮૦

૪૨. મુંબઈમાં કદમી ટોળાંઓનો પહેલો પાયો નાખનાર પહેલા પારસી = ધનજીશાહ મનજીશાહ સુરતવાલા, ઈ. સ. ૧૭૮૦

૪૩. અંગ્રેજી કેલેન્ડર પ્રગટ કરનાર મુંબઈના પહેલા પારસી = રૂસ્તમજી કેરણાસ્પજી, ઈ. સ. ૧૭૮૦

૪૪. મુંબઈની ઈસ્ટ ઇંડીયા કંપનીના અમલદારોને નામાં ધીરનાર પહેલા પારસી શરોફ = એદલજી રૂસ્તમજી શેઠના ( રૂસ્તમ માણેકના નબીરા ), મરણ ઈ. સ. ૧૭૮૩

૪૫. મુંબઈમાં કદમી આતશ બહેરામ સ્થાપનાર પહેલા પારસી = દાદી નશરવાનજી દાદીશેઠ, ઈ. સ. ૧૭૮૩

૪૬. વલંદાઓની કોઠીના પહેલા પારસી દલાલ = પંચરજી ખરશેદજી શેઠના, મરણ ઈ. સ. ૧૭૮૪

૪૭. મુંબઈના ગવર્નરને ફારસી ભાષા શીખવવાનું માન મેળવનાર પહેલા પારસી શિક્ષક = દસ્તુર મુલ્લાં ફીરોઝલીન મુલ્લાં કાઉસ, ઈ. સ. ૧૭૮૬ – ૧૭૯૪

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૪૮. એક ઘોડાની ‘ ફાઈટીન ’ માં બેસી ફરવાનો પરવાનો મેળવનાર પહેલા પારસી = પેસ્તનજી બમનજી વહાડીયા, ઈ. સ. ૧૭૮૭

૪૯. અંગ્રેજી અમલના પહેલા પારસી મામલતદાર = બરજોરજી સોરાબજી બેહેમંદખાન, ઈ. સ. ૧૭૮૭

૫૦. મુંબઈમાં લીલાંઉખાનું સ્થાપનાર અને કમીશન એજંટનો ધંધો કરનાર પહેલા પારસી = દાદાભાઈ કાવસજી જાટલીમેન, ઈ. સ. ૧૭૯૦

૫૧. ઈરાનમાં આતશ બહેરામ સ્થાપનાર પહેલા હીંદી પારસી = નસરવાનજી કોહાજી ( સુરતવાલા ), મરણ ઈ. સ. ૧૭૯૭

૫૨. પહેલા પારસી પહોંચખાનાવાલા = નવરોજી રૂસ્તમજી શેખજી ( નવલઈ શેખજી ), ઈ. સ. ૧૮00

૫૩. અંગ્રેજ સરકાર તરફથી વાએજ કરવા સારૂ નેમાયેલા પહેલા પારસી દસ્તુર = દસ્તુર કાઉસજી રૂસ્તમજી, ઈ. સ. ૧૮00

૫૪. નામદાર અંગ્રેજ સરકાર તરફથી રૂ. ૧૪00 / - નું સળીયાનું મેળવનાર પહેલા પારસી= દેશાઈ મંચેરજી ખુરશેદજી ( નવસારીવાલા ), ઈ. સ. ૧૮00

૫૫. અંગ્રેજ સરકારના દેશી રાજ્યોના પહેલા પારસી નેટીવ એજંટ = ધનજી શાહ બરજોરજી બહેરેમંદખાન, ઈ. સ. ૧૮00

૫૬. સુરતના પહેલા પારસી વકીલ = જમશેદજી શાપુરજી, ઈ. સ. ૧૮03

૫૭. પહેલા પારસી બુકબાઈન્ડર = મોબેદ ફરદુનજી મરઝબાનજી, ઈ. સ. ૧૮0૮

૫૮. ઈરાનની ‘ મુબારકા ’ નામના ગામમાં આતશ કદેહ સ્થાપનાર પહેલા પારસી = અરદેશર દાદાભાઈ, ઈ. સ. ૧૮0૮

૫૯. પોતાની પાયદસ્ત ક્રીયા વખતે કોટના મોટા દેવળમાંથી ગમગીનીના ઘંટ સાથનું અપુર્વ માન મેળવનાર પહેલા પારસી = અરદેશર દાદીભાઈ, ઈ. સ. ૧૮૧૦

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૬૦. ગાયકવાડ સરકાર તરફથી દર સાલ રૂા. ૧૦૦૦ / - નું લવાજમ તથા પાલખીમાં બેસીને ફરવાનો પરવાનો મેળવનાર પહેલા પારસી = દેસાઈ નવરોજી મરજી ( નવસારીવાલા ), ઈ. સ. ૧૮૧૧

૬૧. પહેલું ગુજરાતી છાપખાનુ કાઢનાર પહેલા પારસી = મોબેદ ફરદુનજી મર્ઝબાનજી, ઈ. સ. ૧૮૧૨

૬૨. પહેલા પારસી બાશ = ખરશેદજી બમનજી લીમકી, મરણ ઈ. સ. ૧૮૧૩

૬૩. ગુજરાતી પંચાંગ કાઢનાર પહેલા પારસી = મોબેદ ફરદુનજી મર્ઝબાનજી, ઈ. સ. ૧૮૧૪

૬૪. મુંબઈના સરકારી વેર હાઉસના પહેલા પારસી સુપરીનટેન્ડન્ટ = ફરામજી બ. દાદીબરજોર, ઈ. સ. ૧૮૧૮

૬૫. પહેલા પારસી કોચમેન = ફકીરજી ભાઈજી, ઈ. સ. ૧૮૧૯

૬૬. પહેલા પારસી શીપચેન્ડલર = ફરામજી બમનજી શરાફ, ઈ. સ. ૧૮૨૦

૬૭. સુરતના પહેલા પારસી કોટવાલ = ખા. બા. અરદેશર ધનજીશાહ ‘ બહાદુર, ઈ. સ. ૧૮૨૦

૬૮. અંગ્રેજી અમલની શરૂઆતમાં ‘ ખુશકી ’ અને ‘ તરી ” ના પહેલા પારસી ઈજારદાર = વીકાજી તથા પેસ્તનજી મહેરજી, ઈ. સ. ૧૮૨૦

૬૯. ‘કમુંબઈ સમાચાર’ નામનું વર્તમાનપત્ર કાઢનાર પહેલા પારસી = મોબેદ ફરદુનજી મરઝબાનજી, ઈ. સ. ૧૮૨૨

૭૦. પહેલા પારસી અધીપતી = મોબેદ ફરદુનજી મરઝબાનજી , ઈ . સ . ૧૮૨૨

૭૧. પહેલો પારસી ‘ લાખી વંજારો ' = ખરશેદજી એદલજી ધનજી મહેતા ( સુરતના ) રૂ ના વેપારી , જેવણનો ૩ લાખ બળદોની પીઠ ઉપર દરેક ખેપે આવતો હતો , તેથી તે વખતમાં એવણ ‘ લાખી વંજારો ’ તરીકે જાણીતા હતા . , મરણ ઈ . સ . ૧૮૫૫

૭૨. મુંબઈમાં સવારે ૮ કલાકે થયેલા પહેલા પારસી લગન = આ લગન શેઠ હીરજી નવરોજી હીરામાણેક ઉર્ફે લાહેરને ત્યાં તેવણના બેટાના થયાં હતાં . પરણતાં જોડાના નામો મળયાં નથી.ઈ.સ ૧૮૨૩

E-ISSN No. 2582 – 046 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૭૩. મુંબઈની સુપ્રીમ કોર્ટના ચીનાઈ ભાષાના પહેલા પારસી દુભાશીયા = હોરમસજી એદલજી કામાજી , ઈ . સ . ૧૮૨૩ પછી

૭૪. સુરતમાં શહેનશાહી આતશબહેરામ સ્થાપનાર પહેલા પારસી = દાદાભાઈ નસરવાનજી મોદી , ઈ . સ . ૧૮૨૩

૭૫. સુરતમાં કદમી આતશ બેહરામ સ્થાપનાર પહેલા પારસી = પેસ્તનજી કાલાભાઈ વકીલ ,

ઈ . સ . ૧૮૨૩

૭૬. પહેલા પારસી કોમોસરીયેટ કંત્રાકટર = નવરોજી હોરમસજી મોતાભાઈ , ઈ . સ . ૧૮૨૪

૭૭. પહેલા પારસી ઘોડાના સોદાગર = બહેરામજી કાવશજી બનાજી , ઈ . સ . ૧૮૨૫

૭૮. પહેલા પારસી ઈજનેર = અરદેશર ખરશેદજી વાહાડીયા , ઈ . સ . ૧૮૨૬

૭૯. સુરતના પહેલા પારસી સરદાર = ખુરશેદજી દોસાભાઈ મોદીજી , મરણ ઈ . સ . ૧૮૨૭

૮૦. બરમીઝરાજ્ય તરફથી કાયમની ટોપોનું માન મેળવનાર પહેલા પારસી = બમનજી સાપુજી નાળીયેરવાલા , ઈ . સ . ૧૮૨૭

૮૧. બરમાના પહેલા પારસી પ્રધાન ‘ કલવુન ’ = બમનજી શાપુરજી નાળીયેરવાલા,ઈ.સ .૧૮૨૫ – ૩૦

૮૨. પહેલા પારસી વેસ્ટ ‘ સ્કોલરો ” ( નેટીવ એડ્યુકેશન સોસાયટી ) = ( ૧ ) નવરોજી ફરદુનજી

( ૨ ) નવરોજી દોરાબજી ગાય , ઈ . સ . ૧૮૨૮

૮૩. બહાદુરનો ખેતાબ તથા માનપત્ર મેળવનાર પહેલા પારસી = અરદેશર ધનજી શાહ ના વાળ કાળા કોટવાલ , ( સુરતવાલા અરદેશર બહાદુર ) , ઈ . સ . ૧૮૨૯

૮૪. મુંબઈમાં શહેનશાહી આતશ બેહરામ સ્થાપનાર પહેલા પારસી = હોરમસજી બમનજી વાડીયા ,

ઈ . સ . ૧૮૩૦

૮૫. પહેલા પારસી કેપ્ટનર કાવસજી સોરાબજી કાત્રક , ઈ . સ . ૧૮૨૯

૮૬. પારસી કોમના પહેલા હીમ્મતવાન જાહેર લેખક = નવરોજી દોરાબજી ચાનદારૂ,ઈ.સ.૧૮૩૦ - ૫૯

૮૭. પહેલા પારસી હાડવઈદ = જીવણજી સોરાબજી રાંદેલીયા , ઈ . સ . ૧૮૩૧

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૮૮. ઈંગ્લાંડ ખાતે કેળવણી લેવા ગયેલા ૧૫ વર્ષનો પહેલો પારસી જવાન = દીનશાહ ફરદુનજી ભીમજી પાંડે , ઈ . સ . ૧૮૩૨

૮૯. સુરતના જાડીશીયલ ખાતાના પહેલા પારસી નેટીવ જડજ = ફીરોઝશાહ ધનજીશાહ બહેરેમદખાન , ઈ . સ . ૧૮૩૨

૯૦. ઈનડસ ' નામની સ્ટીમર બાંધનાર પહેલા પારસી ઈજનેર = અરદેશર ખરશેદજી , વાડીયા , ઈ . સ . ૧૮૩૨

૯૧. મુંબઈમાં પહેલ હેલી ગેસલાઈટનો અખતરો કરનાર પહેલા હીંદી પારસી ઈજનેર = અરદેશર ખરશેદજી વાડીયા , ઈ . સ . ૧૮૩૪

૯૨. મુંબઈમાં પારસીઓની રાહરસમ ઉપર ટાઉન હોલમાં જાહેર ભાષણ કરનાર પહેલા પારસી = નવરોજી દોરાબજી ચાનદારૂ , ઈ . સ . ૧૮૩૪

૯૩. કલકતામાં જસ્ટીસ ઓફ ધી પીસનું પહેલું માન મેળવનાર પહેલા પારસી = રૂસ્તમજી કાવસજી બનાજી , ઈ . સ . ૧૮૩૫

૯૪. મુંબઈની પારસી પંચાતનાં પહેલા પારસી સેકરેટરી = માનેકજી મંચરજી મહેતા , ઈ . સ . ૧૮૩૫ આગમચ

૯૫. નીજામ સરકારના પહેલા પારસી બેનકર = પેસ્તનજી મહેરજી , ઈ . સ . ૧૮૩૬ - ૪૦

૯૬. કાબુલ ગયેલા પહેલા પારસી = નવરોજી ફરદુનજી , ઈ . સ . ૧૮૩૬

૯૭. પોતાની માલિકી હેઠળ એક મોટી ગોદી “ કલકતા ડોકીંગ કંપની ” સ્થાપનાર પહેલા પારસી = રૂસ્તમજી કાવસજી બનાજી , ઈ . સ . ૧૮૩૭ ।

૯૮. અંગ્રેજ વ્હાદુરોની તવારીખનું શાહનામું “ જોર્જ નામું ” બનાવનાર પહેલા હીંદી પારસી કીરદોશી = દસ્તર મલ્લાં કીરોઝીન મલ્લાં કાઉસ ઈ સ ૧૮૩૦

૯૯. ફ્રાન્સના શહેનશાહ લઈ દીલીપ તરફથી સોનાનો ચાંદ મેળવનાર પહેલા પારસી = જાંગીરજી નસરવાનજી વાડીયા , ઈ . સ . ૧૮૩૯

૧૦૦. પોતાના નામના સીક્કા પડાવનાર હીંદના પહેલા અને એકપુરા પારસી ( જેમને નામના પેસ્તનશાહી સીક્કા ઓરંગાબાદની બાદશાહી ટંકશાળમાં ૧૭ મી માર્ચ ૧૮૪૦ થી પાડવાના શરૂ કીધા હતા , અને બધા મળી એવા બાવીસ લાખ રૂપીયા પાડવામાં આવ્યા હતા . ) = પેસ્તનજી મહેરજી

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૧૦૧.મદાર માહરાણી વિકટોર્યાની મુલાકાતનું માન મેળવનાર પહેલા પારસી = અરદેશર ખરશેદજી વાડીયા , ઈ . સ . ૧૮૪૦

૧૦૨.આખી જરથોસ્તી કોમને ખાણું આપનાર પહેલા દીલાવર પારસી = હોરમસજી ભીખાજી ચીનાઈ , ઈ . સ . ૧૮૪૦

૧૦૩.કોર્ટ ઓફ રીકવેસ્ટ ' ના પહેલા પારસી સ્ટીપેનડરી કમીશનર = બમનજી હોરમસજી વાડીયા , ઈ . સ . ૧૮૪૦

૧૦૪. પહેલા પારસી ઈરાની શાએર = રૂસ્તમજી ગુસ્તાસ્પ ઈરાની , ઈ . સ . ૧૮૪૦

૧૦૫. મુંબઈ બેન્કના પેહલા પારસી વડી શરાફ = સોરાબજી ફરદુનજી મોટાફરામના , ઈ . સ . ૧૮૪૦

૧૦૬.મુંબઈની ગોદીમાં સ્ટીમ ફેકટરી અને ફાઉનડરીના પહેલા પારસી ઈજનેર = અરદેશર ખરશેદજી વાડીયા , ઈ . સ . ૧૮૪૧

૧૦૭. પહેલા પારસી સર નાઈટ = સર જમશેદજી જીજીભાઈ ( પહેલા ) , ઈ . સ . ૧૮૪૨

૧૦૮. પહેલા પારસી તવારીખનવેશ ( ગુજરાતી છાપાની હસ્તી આગમચ ) = મોબેદ ફરદુનજી મર્ઝબાનજી ( રૂસ્તમનામું તથા મુખ્તસર શાહનામુના કર્તા ) , ઈ . સ . ૧૮૪૩

૧૦૯. તોપનું માન મેળવનાર પહેલા પારસી અકાબર = સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ ( પહેલા ) , ઈ . સ . ૧૮૪૩

૧૧૦.મુંબઈની પારસી પંચાએતના પહેલા પારસી વડા અકાબર = અનાજી ભીમજી , ઈ . સ . ૧૭૨૮

૧૧૧. પહેલા પારસી , ક્રીમેશન = અરદેશર ખરશેદજી વાડીયા , ઈ . સ . ૧૮૪૪

૧૧૨. મુંબઈની ગ્રાન્ટ મેડીકલ કોલેજના પહેલા પારસી વિદ્યાર્થી = ફરદુનજી જમશેદજી ,

૧૧૩.મુંબઈમાં કમરસીયલ બેન્ક સ્થાપનાર પહેલા પારસી = કાવસજી નાનાભાઈ દાવર , ઈ . સ . ૧૮૪૮

૧૧૪.પહેલા પારસી મુનસફ = બેજનજી ફરામજી મુલ્લા , ઈ . સ . ૧૮૪૯

૧૧૫.મુંબઈ સરકારના પહેલા પારસી પોસ્ટલ મેલ કંટરાક્ટર = ફરદુનજી મર્ઝબાનજી , ઈ . સ . ૧૭૮૭ – ૧૮૪૭

૧૧૬.મુંબઈના કસટમ ખાતાના પહેલા પારસી એપ્રેઝર = ફરામજી બમનજી પાલખીવાલા , ઈ . સ . ૧૮૫૧

૧૧૭.મુંબઈની ગ્રાન્ટ મેડીકલ કોલેજમાંથી પસાર થયેલા પહેલા પારસી દાક્તરો = ( ૧ ) દા . મેરવાનજી સો . ખરાસ ( ૨ ) દા . બરજોરજી દોરાબજી કુપર , ઈ . સ . ૧૮૫૧

૧૧૮. રાંડેલના પહેલા પારસી કોટવાલ અને કોટન ઈન્સપેક્ટર = હોરમસજી દોરાબજી , ઈ . સ . ૧૮૫૧

૧૧૯.મુંબઈની એલફીસટન કોલેજના પહેલા પારસી પ્રોફેસર = દાદાભાઈ નવરોજી , ઈ . સ . ૧૮૫૨

૧૨૦.ઇંગ્લેન્ડની જરથોસ્તી અનજામનના પહેલા પારસી સ્થાપક = ધનજીભાઈ હોરમસજી હકીમ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

( કામા કંપનીના વડા કારભારી ) , ઈ . સ . ૧૮૫૩

૧૨૧. ઓસ્ટ્રેલીયા ગયેલા પહેલા પારસીઓ = ( ૧ ) દોસાભાઈ હો . કોમીસરીએટ , ( ૨ ) જમશેદજી સો , માદન , ઈ . સ . ૧૮૫૩

૧૨૨. બોર્ડ ઓફ કનઝરવેન્સીના પહેલા પારસી ઓડીટરો = ( ૧ ) રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ , ( ૨ ) ફરામજી નસરવાનજી પટેલ , ઈ . સ . ૧૮૫૫

૧૨૩. જી . આઈ . પી . રેલ્વેની સડક અને પુલો બાંધનાર પહેલા પારસી = જમશેદજી દોરાબજી નાયગામવાલા , ઈ . સ . ૧૮૫૫

૧૨૪. પહેલા પારસી M . D . ( એબરડીન ) E . R . C . S . = દા . રૂસ્તમજી બેરામજી પારખ , ઈ . સ . ૧૮૫૬

૧૨૫. ઈસ્ટ ઈંડીયા કંપનીની વૈદક ખાતાંની સનદી નોકરીમાં દાખલ થનાર પહેલા પારસી = દા . રૂસ્તમજી બેરામજી પારેખ , ઈ . સ . ૧૮૫૬

૧૨૬. ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડનનું અપુર્વ માન મેળવનાર પહેલા પારસી = સર જમશેદજી જીજીભાઈ ( પહેલા ) , ઈ . સ . ૧૮૫૬

૧૨૭. ગુજરાત ( રેવન્યુ સરવે એસેસમેન્ટ ના દેશીઓમાં પહેલો ઓપ્પો ભોગવનાર પહેલા પારસી એસીસટંટ સુપરીનટેનડન્ટ ) = હોરમસજી બાપુજી વીકાજી , ઈ . સ . ૧૮૫૬

૧૨૮. લંડન યુનીવરસીટી કોલેજના ગુજરાતી ભાષાના પહેલા પારસી પ્રોફેસર = દાદાભાઈ નવરોજી , ઈ . સ . ૧૮૫૬

૧૨૯. મુંબઈના પહેલા પારસી શેરીફ = માનેકજી ખરશેદજી શરાફ , ઈ . સ . ૧૮૫૬

૧૩૦. પહેલા પારસી બેરોનેટ = સર જમશેદજી જીજીભાઈ ( પહેલા ) , ઈ . સ . ૧૮૫૭

૧૩૧. મુંબઈ યુનીવરસીટીના પહેલા પારસી ફેલોઝ = ( ૧ ) જમશેદજી જીજીભાઈ ( ૨ ) બમનજી હોરમસજી વાડીયા , ઈ . સ . ૧૮૫૭

૧૩૨. જરથોસ્તી ધરમની ભાષાઓનો યુરોપમાં અભ્યાસ કરી આવનાર પહેલા પારસી = ખરશેદજી રૂસ્તમજી કામાજી, ઈ . સ . ૧૮૫૯

E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૧૩૩.મુંબઈ મ્યુનીસીપાલીટીના પહેલા પારસી મ્યુનીસીપાલ ' એસેસર ' , = દોસાભાઈ ફરામજી કરાકા , ઈ . સ . ૧૮૫૯

૧૩૪. બોઈલરની બનાવટમાં સુધારો કરીને પેટંટ મેળવનાર પહેલા પારસી . = નસરવાનજી અરદેશર ખરશેદજી વાડીયા , ઈ . સ . ૧૮૫૯

૧૩૫.લંડનની વોલનટીઅર કોરમાં જોડાયેલો પહેલો પારસી . = રૂસ્તમજી ખરશેદજી કુપર , ઈ . સ . ૧૮૬૦

૧૩૬. ( ૧૩૬ ) મુંબઈના પહેલા પારસી ઈનકમટેક્ષ - કમીશનર . = કાવસજી જાંગીર રેડીમની નાઈટ , ઈ . સ . ૧૮૬૦

૧૩૭.મૈત્રીક થયેલા પહેલા પારસીઓ = ( ૧ ) અરદેશર પેસ્તનજી શેઠના ( ૨ ) ફરામજી સોરાબજી ભરૂચા , ઈ . સ . ૧૮૬૦

૧૩૮.પારસી લો ' કમીશનમાં નેમાયેલા પહેલા પારસી કમીશનરો . = ( ૧ ) ફરામજી નસરવાનજી પટેલ ( ૨ ) સુરતવાલા મોદી રૂસ્તમજી ખરશેદજી

૧૩૯.વીલાયતમાં " પારસીઓનો ધરમ " એ બાબે લીટરરી એન્ડ ફીલોસોફીક સોસાયટી તરફથી પહેલું ભાષણ આપનાર પહેલા પારસી . = દાદાભાઈ નવરોજી , ઈ . સ . ૧૮૬૧

૧૪૦. મુંબઈની લેજીસલેટીવ કાઉનસીલના પહેલા પારસી ફાઉનસીલર = રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ , ઈ . સ . ૧૮૬૨ ( 0 1 12ની નાઈટ પેળવનાર રેલા . 1 - 1ી કકયાન કMારો જ નવાઈજમશેદજી જીજીભાઈ , ઈ . સ . ૧૮૬૨

૧૪૧.પોરટુઝીઝનાઈટહુડ મેળવનાર પહેલા પારસી = રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ , ઈ . સ . ૧૮૬૪

૧૪૨.નીઝમ સરકારની " મજલીસે ખાસ " ના પહેલા પારસી મેમ્બર = જીવણજી પેસ્તનજી મહેરજી , ઈ . સ . ૧૮૬૪

૧૪૩.પહેલા પારસી B . A . = ( ૧ ) ફીરોઝશાહ મેરવાનજી મહેતા ( ૨ ) હોરમસજી રતનજી શરોફ ( 3 ) કેખુશરૂ એદલજી મોદી ( સુરતવાલા )

૧૪૪. પહેલા પારસી M . A . = ( ૧ ) ફીરોઝશાહ મેરવાનજી મહેતા ( ૨ ) હોરમસજી રતનજી શરોફ , ઈ . સ . ૧૮૬૪

૧૪૫. મુંબઈના પહેલા પારસી મેજીસ્ટ્રેટ = દોસાભાઈ ફરામજી કરાકા , ઈ . સ . ૧૮૬૫

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

૧૪૬. પારસી લગનોને લગતા પહેલા પારસી ડીસ્ટ્રીક્ટ ડેપ્યુટી રેજીસ્ટ્રાર = ખા . બા . બેરામજી દાદાભાઈ , ઈ . સ . ૧૮૬૫

૧૪૭. ટેલીગ્રાફીક યંત્ર બનાવનાર પહેલા પારસી = માનેકજી ફરદુનજી પટેલ ( સુરતવાલા ) , ઈ . સ . ૧૮૬૫

૧૪૮. પહેલા પારસી સોલીસીટર = પેસ્તનજી દીનશાહ , ઈ . સ . ૧૮૬૬

૧૪૯. સીમીસ સરકાર તરફથી " હુવાંગ પરદીસ ધરમ બાતીજ " યાને ધર્માતુ અને ઉદાર ખવાસનો પારસી એવો ખેતાબ ચમરપત્ર ઉપર મેળવનાર પહેલા પારસી ( ખેતાબ સાથે કીમતી સરપાવ અને હાથીના આકારનો સોનાનો ચાંદ અને ૪00 એકર જમીન ભેટ મળી હતી . ) = ખરશેદજી પેસ્તનજી લાલા , ઈ . સ . ૧૮૬૭

૧૫૦. મુંબઈમાં કાગળ બનાવવાનું કારખાનું કાઢનાર પહેલા પારસી . = મરહુમ ઓ . શેઠ નવરોજી નશરવાનજી વાડીયા સી . આઈ . ઈ . ઈ . સ . ૧૮૬૮

૧૫૧. પહેલા પારસી એસીસટંટ કસતમ કમીશનર ( બીજી ગ્રેડ . ) = મહેરજીભાઈ બાપુજી વીકાજી , ઈ . સ . ૧૮૬૮

## પાઠનોંધ

- ડૉ . ( શ્રીમતી ) ડ્રાઈવર પેરીન દારા , ગુજરાતમાં પારસીઓનું આગમન અને તેમનો ગુજરાતની સંસ્કૃતિમાં ફાળો , - તૃતીય આવૃત્તિ , પૃ . ૧
- Prof . Hodivala S . H , Studie In Par i Hi tory . p . 74

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/


- કારતક જ , કા . , ઈરાનની છેલ્લી જ રથોશતી મહાન સાસાની શહેનશાહતની પડતી તથા જરથોસ્તીઓના હિંદમાં આગમનનાં ખરો કારણો , પૃ . ૨૧ અને પૃ . ૭૧ થી અંત સુધીનાં પૃષ્ઠો .
- ડૉ , નાયક છો . ૨ . , ગુજરાતી પર અરબી ફારસીની અસર , ભાગ ૧ લાં , પૃ . ૧૪૩ , ટિપ્પણ ૨
- ડૉ . ( શ્રીમતી ) ડ્રાઈવર પેરીન દારા , ગુજરાતમાં પારસીઓનું આગમન અને તેમનો ગુજરાતની સંસ્કૃતિમાં ફાળો , - તૃતીય આવૃત્તિ , પૃ . ૨૮ 33 ,
- ડૉ , ( શ્રીમતી ) ડ્રાઈવર પેરીન દારા , ગુજરાતમાં પારસીઓનું આગમન અને તેમનો ગુજરાતની સંસ્કૃતિનો ફાળો , પૃ . ૩૯ ૩૪ .
- પિલ્લુ નાણાવટી , પારસી પ્રજા , પૃ . ૮૬ , ૮૭ ૩૮ ,
- બી . કે , કંરજીયા , ગોદરેજ સફળતાના સો વર્ષ , પૃ . ૧૬ , ૧૭ ૩૯ ,
- બલસારા પે . ફી , પારસી ઇતિહાસના જાણવાજોગ પ્રકરણો , પૃ . ૩૮ વાત પણ